ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૮૯ ટકા

# સિવિલમાં સીબીસી મશીનની રીપેરીંગ કામગીરી શરુ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની લેબોરેટરીમાં છાશવારે ધાંધિયા સામે આવી રહ્યા છે. લેબ વિભાગમાં પુરતો સ્ટાફ હોવા છતા દર્દીઓને સમયસર રિપોર્ટ મળતા નથી અને મળે છે તો રીપોર્ટમાં તફાવત આવે છે. આ સમસ્યાઓને ધ્યાને રાખી આજે સિવિલ તંત્રએ લેબ વિભાગના સીબીસી મશીનને રીપેર કરવા માટે તાત્કાલીક અસરથી વડનગર અને હિંમતનગરથી સિવિલમાંથી ટેકનીશીયન બોલાવ્યા હતા. જયારે મશીન રીપેરીંગ ન થાય ત્યાં સુધી દર્દીઓના બ્લડ રીપોર્ટ સાદા આપવામાં આવશે તેમજ આજે માઈક્રોબાયોલોજી અને પેથોલોજી વિભાગ દ્વારા હોસ્પિટલના તબિબોને મૌખિક સુચના અપાઈ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીના બલ્ડ સેમ્પલ ખોવાઈ જવા, રીપોર્ટમાં તફાવત આવવો, તે ઉપરાંત અનેક કિસ્સા લેબના સામે આવેલા છે. ત્યારે વોર્ડમાં સારવાર લઈ રહેલા કેટલાક દર્દીઓને ખાનગી લેબમાં રીપોર્ટ કરાવવો પડે છે. તેવી સ્થિતિમાં તાજેતરમાં એક દર્દીનો રીપોર્ટ મેલેરીયાનો નેગેટીવ આવ્યો હતો અને ખાનગી લેબમાં રીપોર્ટ કરાવતા પોઝીટીવ આવતા ડોકટર્સ સહિતનો સ્ટાફ પણ ચોંકી ઉઠ્યો હતો. ત્યારે આ બનાવ લેબોરેટરીમાં દર્દીઓના બ્લડ ટેસ્ટ કરવામાં આવતા સીબીસી મશીનમાં સર્જાયેલી ટેકનીકલ ખામીને પગલે થયું હોવાનુ માલુમ પડ્યું હતું. જેથી તંત્રએ સીબીસી મશીન રીપેરીંગ માટે તાત્કાલીક કામગીરી શરુ કરી હતી અને હિંમતનગર તેમજ વડનગરથી ટેકનીશીયન બોલાવાયા હતા. સીબીસી મશીન રીપેર ન થાય ત્યાં સુધી દર્દીઓના બ્લડ રીપોર્ટ સાદા આવશે તેમ તબીબોને આજે સવારે પેથોલોજી અને માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા જાણ કરવામાં આવી હતી. આ સાદા રીપોર્ટમાં પ્લેટનેટ કાઉન્ટના આંકડા દર્શાવવાને બદલે માત્ર નોર્મલ કે એબ નોર્મલ તેમ દર્શાવવામાં આવશે. જયારે સીબીસી મશીનની કામગીરી શરુ કરી દેવાઈ છે અને ટુંક સમયમાં મશીનનું રીપેરીંગ કામ પણ પૂર્ણ થાય તેવી શક્યતાઓ છે.



શહેરના સેકટર-૬ ખાતેના ભુવનેશ્વર મહાદેવના મંદિરે શ્રાવણના સમાપને ૫૧ કુંડીય મહારુદ્રિ હોમાત્મક સમૂહયજ્ઞ યોજવામાં આવ્યો હતો. જેમાં ભુવનેશ્વરી શકિતપીઠના મહારાજ ડૉ. રવિદર્શનજી ઉપરાંત શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ તેમજ નરેન્દ્રભાઈ તથા સંદિપ જોષી વગેરે સહિત મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. સમૂહ યજ્ઞના સમાપને સૌએ આરતી તથા ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

## ઈન્ડિયન સ્વર્ણિમ લાયોનેસ દ્વારા ડેન્ટલ તથા બ્લડ ગૃપ ચેકઅપ કેમ્પ




ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરની ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ કલબ દ્વારા તાજેતરમાં કડી ખાતેની એન.કે. ઈન્ડસ્ટ્રીઝના કર્મચારીઓના દાંતની તથા બ્લડગૃપની તપાસનો ચેક અપ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં જેમના જન્મદિનની ઉજવણીના ભાગરૂપે આ સેવા કાર્ય યોજવામાં આવ્યું હતુ તે સંસ્થાના નેશનલ ચેરમેન હિતેશભાઈ પંડયા, એન.કે. ઈન્ડસ્ટ્રીઝના કલ્પેશભાઈ પટેલ, બિપીનભાઈ દવે તથા લાયોનેસ સ્વર્ણિમ કલબ ગાંધીનગરના પ્રમુખ શિલ્પા દેસાઈ, ઉપપ્રમુખ મનીષા ગોહિલ, સેક્રેટરી રેખાબેન પંડિત, ટ્રેઝરર રશ્મિ ગૌડલિયા તથા સભ્યો સરોજબેન દવે, ચંદ્રિકા પરમાર તેમજ જયેશભાઈ કતીરા ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં ડેન્ટલ ચેક અપની ડૉ. વિધિ કતીરાએ સેવાઓ પુરી પાડી હતી.

## રેલ્વે સ્ટેશન પાસે હોટલની સાઈટ પર કામ કરતા મજુરનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર રેલ્વે સ્ટેશન પાસે બની રહેલી અતિ આધુનિક ફાઈવ સ્ટાર હોટલના બાંધકામ દરમિયાન આજે અચાનક અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારીગર યુવાનનું મૃત્યુ થયાનો બનાવ બનવા પામ્યો છે. ક્રોકીટના મહાકાય મશીનમાં કારીગર યુવાન અંદર ઉતરીને મશીનની સફાઈ કરી રહ્યો હતો. તે સમયે મશીન ઓપરેટર અંદર તપાસ કર્યા વિના જ મશીનની સ્વીચ ચાલુ કરી દેતા અંદર સફાઈ કામ અર્થે ઉતરેલો કારીગર યુવાન મિક્ષિંગની બ્લેડમાં ફસાઈ ગયો હતો અને બ્લેડ વાગતા લોહી લુહાણ હાલતમાં યુવાનને ખાનગી હોસ્પિટલમાં તાત્કાલીક સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. જયા સારવાર દરમિયાન યુવાનનું મૃત્યું થતા ઓપરેટર સામે ગુનોં નોંધી વધુ તપાસ સેકટર-૭ પોલીસે હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૧૪ રેલ્વે સ્ટેશન પર બની રહેલી હોટલના કૃણાલ સ્ટ્રકચર ઈન્ડીયા પ્રા.લી.માં મજુર તરીકે કામ કરતા દેશરાજ કોલ, અશોક કોલ ( રહે. મજુર કોલોની રેલ્વે સ્ટેશન પાસે, વતન કઠડા, તા. ઉચેહરા, જી.સતના મધ્યપ્રદેશ) દ્વારા સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ પ્રમાણે તેમની સાથે તેમની ફોઈનો દિકરો શિવમ કોલ ઉર્ફે સિંઘમ નાથુલાલ કોલ પર સાઈટ પર મજુર તરીકે કામ કરતો હતો. ત્યારે રવિવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકના અરસામાં શિવમ ક્રોંકિટના મશીનના ઓપરેટર ચિંરજીત ઘોષ કાશીનાથ ઘોષ ( વતન. સોનકાપુર, જી. બિરમપુર, પશ્ચિમ બંગાળ) એ મશીનની સ્વીચ ચાલુ કરી દેતા ક્રોંકિટ મશીનમાં કામ કરતો શિવમ અંદર મીક્ષીંગની બ્લેડોમાં ફસાઈ ગયો હતો. રાજેશે બુમાબુમ કરતા મશીન બંધ કર્યું હતું અને પાસપાસથી મજુરો દોડી આવ્યા હતા. મશીનમાં તપાસ કરતા શિવમ બ્લેડોની વચ્ચે ગંભીર રીતે ફસાઈ ગયો હતો. બ્લેડો તથા પતરુ કાપીને શિવમને બહાર કાઢતા પેટ, માથાના ભાગે તેમજ હાથે પગે બ્લેડ ઘુસી જવાથી ગંભીર ઈજાઓ પહોંચી હતી. શિવમને સેકટર-૩ માં હાઈટેક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જયાં રાત્રે સારવાર દરમિયાન યુવાનનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે ગુનોં નોંધી વધુ તપાસ સેકટર-૭ પોલીસ મથકના પીએસઆઈ એ.જે. શાહ ચલાવી રહ્યા છે.

## પીડીપીયુની સ્કૂલ ઓફ લીબરલ સ્ટડીઝના વિદ્યાર્થીઓ ‘પિઠોરા’ તથા ‘માતાની પછેડી’ આર્ટ શિખ્યા



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર ખાતેની પંડિત દિનદયાલ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ દ્વારા ‘એકઝપોઝર ટુ એનસીસી’ના વિદ્યાર્થીઓ માટે પિઠોરા આર્ટ તથા માતાની પછેડી આર્ટના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓડિટ કોર્સ અંતર્ગત તા. ૮ અને ૯ સપ્ટેમ્બર દરમિયાન યોજવામાં આવેલા બે દિવસીય વર્કશોપમાં ૨૩૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પિઠોરા આર્ટ એ મધ્ય ગુજરાતની રાઠવા અને ભીલાલ જાતિની પરંપરાગત ધાર્મિક ચિત્રકળા છે જે તેમના ઘરની દીવાલો પર કરવામાં આવે છે જે ઘરમાં શાંતિ, સમૃધ્ધિ અને સુખ લાવે છે તેવી તેમની માન્યતા છે. માતાની પછેડી એ ગુજરાતની વિચરતી જાતિના વાઘરી સમુદાય દ્વારા કાપડ પર કુળદેવીની પ્રતિમા દોરવાની ૩૦૦ વર્ષ જુની કળા છે જેને ‘કલામકરી’ તરીકે પણ ઓળખવામાં આવે છે. માતાજીની પ્રતિમા પાછળ લગાવાતા પવિત્ર કાપડ પર દોરવાની કળા હોવાથી તેને માતાની પછેડીથી ઓળખવામાં આવે છે. પીડીપીયુ ખાતેના વર્કશોપમાં પિઠોરા કળાના નિષ્ણાંત છોટા ઉદેપુરના દયસિંગભાઈ રાઠવા તેમજ માતાની પછેડી કળા માટે વિરમગામના દિલીપભાઈ ચિતારા અને તેમની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી.




## પગાર-પ્રમોશનના પડતર પ્રશ્નો સંદર્ભે તલાટી કમ મંત્રીઓએ કાળી પટ્ટી ધારણ કરી

ગાંધીનગર તાલુકાના તલાટી કમ મંત્રીઓ દ્વારા તેમના પગાર વિસંગતા તથા પ્રમોશન સહિતના પડતર પ્રશ્નોના સંદર્ભે વિરોધ પ્રદર્શિત કરવા અનોખો રસ્તો અજમાવ્યો હતો. આ કર્મચારીઓએ સવારે ગાંધીનગર તાલુકા પંચાયત ખાતે એકઠાં થઈને વિરોધના પ્રતિકરૂપે કાળી પટ્ટી ધારણ કરી તે સાથે ફરજના સ્થળે જવા રવાના થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજય તલાટી મંડળ દ્વારા આગામી તા. ૧૭મી સપ્ટેમ્બરે પેન ડાઉન સ્ટ્રાઈક, તા. ૨૯મી સપ્ટેમ્બરે માસ સી.એલ તેમજ ૨જી ઓકટોબરે ધરણાં યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## સેકટર-૫/બી શોપીંગ સેન્ટર ખાતે સાર્વજનિક ગણેશ મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન

ગાંધીનગર, તા.૧૦

જય ગોગા યુવક મંડળ, સેકટર-૫/બી, ગાંધીનગર દ્વારા ચોથા સાર્વજનિક ગણેશ ચતુર્થી મહોત્સવનું આયોજન તા. ૧૩ થી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૮ દરમ્યાન સેકટર-૫/બી શોપીંગ સેન્ટર ખાતે કરવામાં આવ્યું છે. આ દિવસો દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન મંડળ દ્વારા કરવામાં આવ્યું છે.

ચોથા સાર્વજનિક ગણેશ મહોત્સવ દરમ્યાન તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ સવારના ૮.૧૫ કલાકે શોભાયાત્રા અને પોથીયાત્રા વિજયસિંહ સોલંકી, પ્લોટ નંબર- ૧૫૪૬/૨, સેકટર-૫/બી ખાતેથી નીકળશે. સવારના ૧૦.૩૦ કલાકે ગણપતિ દાદાની સ્થાપના કરવામાં આવશે. તેમજ બપોરના ૨.૦૦ કલાકે આનંદનો ગરબો અને સાંજના ૮.૦૦ કલાકે ડાયરાનો કાર્યક્રમ યોજાશે. તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે આનંદનો ગરબો, બપોરના ૨.૦૦ કલાકે શિવ મહિમા અને રાત્રે ૮.૦૦ કલાકે નાટકનો કાર્યક્રમ યોજાશે. તે ઉપરાંત તા. ૧૫મી સપ્ટેમ્બર ના રોજ સવારના ૯.૦૦ કલાકે શરીરમાં થતાં સાંધાના દુખાવાનો મફત નિદાન કેમ્પ યોજાશે. તેમજ તા. ૧૫મીના રોજ સવારના ૧૧.૦૦ કલાકે ભજન, બપોરના ૨.૦૦ કલાકે શિવ મહિમા અને રાત્રે ૮.૦૦ કલાકે સુંદરકાંડનું આયોજન પણ કરવામાં આવ્યું છે. તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ સવારના ૧૦.૩૦ કલાકે સત્યનારાયણ ભગવાનની કથા, બપોરના ૨.૦૦ કલાકે શિવ મહિમા અને રાત્રિના ૮.૦૦ કલાકે રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવના છેલ્લો દિવસ એટલે કે તા. ૧૭મી સપ્ટેમ્બર ના રોજ સવારના ૭.૩૦ કલાકે મહા આરતી, સવારના ૯ થી ૧૦.૩૦ કલાક દરમ્યાન ૧૫૦૧ મોદકના પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. ગણપતિદાદાની વિસર્જન યાત્રા આ દિવસે સવારના ૧૧.૦૦ કલાકે ૭૧ નાસિક અને ખડક ઢોલ સાથે નીકળશે.



ગાંધીનગરના સે-૨૧ ખાતેના જિલ્લા પુસ્તકાલય ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાના મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સીઆઈડી કાઈમના એડીજીપી અજય તોમરે વિદ્યાર્થીઓને ટાઈમ મેનેજમેન્ટ, એકાગ્રતાથી વાંચન કરવું તેમજ મોબાઈલનો બિનજરુરી ઉપયોગ ટાળવો જેવા વિષયે ઉપયોગી વકતવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ગ્રંથપાલ ડૉ. જયરામ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર શહેર અને ગ્રામ્યની જિલ્લા કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા ગાંધીનગર શહેર અને ગ્રામ્યની જિલ્લા કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધા- ૨૦૧૮ નું આયોજન કરવામાં આવ્યું છે.

બાળ પ્રતિભા શોધ સ્પર્ધા- ૨૦૧૮ અલગ અલગ વયના બાળકો માટે જુદી જુદી કેટેગરી નક્કી કરવામાં આવી છે. જેમાં અ- વિભાગમાં ૭ થી ૧૦ વર્ષના બાળકો, બ – વિભાગમાં ૧૧ થી ૧૩ વર્ષ સુધીના બાળકો અને ખુલ્લા વિભાગમાં ૭ થી ૧૩ વર્ષની ઉંમરના તમામ બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા બાળકોએ પોતાના ફોર્મ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતેથી કચેરી સમય દરમ્યાન મેળવવાના રહેશે. આ અરજી ફોર્મમાં પુરૂં નામ, જન્મ તારીખ, વયજુથ, અને સ્પર્ધાનું નામ સ્કુલના લેટરપેડ ઉપર સહી સિક્કા સાથે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી ખાતે તા. ૧૪મી ઓકટોબર, ૨૦૧૮ સુધીમાં ભરીને જમા કરાવવાના રેહશે. સ્પર્ધાની તારીખ, સમય, સ્થળ એન્ટ્રી આવ્યા પછી જાણ કરવામાં આવશે. આ અંગેની વધુ માહિતી માટે કચેરીના ફોન નંબર- ૦૭૯-૨૩૨ ૪૦૩૨૪ પર સંપર્ક કરવા જિલ્લા રમતગમત અધિકારી શ્રી વી.બી.દત્તાએ જણાવ્યું છે.

# ગાંધીનગરમાં જ બની રહી છે ગણેશજીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ..!!!

## સેક્ટર-૧૬માં રહેતા વિજય મકવાણા છેલ્લાં ચાર વર્ષથી ઈકો ફ્રેન્ડલી ગણપતિ બનાવી રહ્યાં છે

ગાંધીનગર, તા.૯

શ્રાવણ માસના સમાપન સાથે શહેરમાં ગણેશ ઉત્સવના દૂદૂંતિ વાગવા માંડ્યા છે. ગાંધીનગરમાં ઠેર ઠેર ગણેશ ઉત્સવ માટેની તડામાર તૈયારીઓ નજરે ચઢે છે. છેલ્લાં કેટલાક વર્ષોથી ગણેશ ઉત્સવના વિસર્જનમાં પીઓપી તથા કેમિકલયુક્ત રંગોથી બંનેલી મૂર્તિઓના કારણે નદી-તળાવમાં સર્જાતી પ્રદૂષણની સમસ્યાને અનુલક્ષીને સ્વૈચ્છિક સંસ્થાઓથી માંડીને હવે તો સરકાર દ્વારા પણ ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓનો ઉપયોગ કરવા અનુરોધ કરાઈ રહ્યો છે પરંતુ આ પ્રકારની મૂર્તિઓ ક્યાંથી મેળવવી તે અંગે શ્રદ્ધાળુઓ પણ મુંઝવણમાં મુકાયેલા જોવા મળે છે. આ પરિસ્થિતિમાં છેલ્લાં ચારેક વર્ષથી સેક્ટર-૧૬માં ભાઈ-બહેનની એક જોડી ગણેશજીની ઈકો ફ્રેન્ડલી





મૂર્તિઓ બનાવી મદદરૂપ થવા સાથે આર્થિક ઉપાર્જન પણ કરી રહી છે.

પ્લાસ્ટર ઓફ પેરિસની કેમિકલયુક્ત રંગોવાળી ગણેશજીની મૂર્તિ પર્યાવરણ તથા જળચર જીવો માટે ઘાતક બને છે તેમજ આ મૂર્તિઓ ઓગળતી ના હોવાથી તુટેલી ફુટેલી હાલતમાં શ્રદ્ધાળુઓની લાગણી દૂભવે છે એટલુ જ નહી પરંતુ વિસર્જીત મૂર્તિઓને એકઠી કરી ફરી રંગરોગાન સાથે બીજા વર્ષે વેચતા લેભાગુ તત્વો ભાવિકોની ભક્તિભાવના સાથે રમત રમી તેમના ખિસ્સા ભરે છે. જયારે બીજી તરફ ગાંધીનગરમાં સેકટર-૧૬માં છ-ટાઈપ સરકારી આવાસના બ્લોક નં. ૧૩/૨માં રહેતા યુવાન વિજય મકવાણા માટીમાંથી ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓ બનાવી વેચે છે જે શ્રદ્ધાળુઓ માટે તેમના ભક્તિભાવને અકબંધ રાખવા સહિત પર્યાવરણ અંગે પણ નિશ્ચિંત બનાવે છે. બાળપણથી પેઈન્ટિંગના શોખીન વિજય મકવાણા છેલ્લાં ચારેક વર્ષથી ગણેશોત્સવ સમયે આ પ્રકારની તદ્દન ઈકો ફ્રેન્ડલી મૂર્તીઓ બનાવે છે. આ વર્ષે તેમણે માત્ર બે ઈંચની ટચૂકડી મૂર્તિથી માંડીને ચાર ફૂટની ઊંચાઈ ધરાવતી મૂર્તિઓ બનાવી છે જેની કિંમત રૂ. ૪૦૦થી માંડીને રૂ. ૨૫૦૦ સુધીની છે. આ મૂર્તિઓને આખરી ઓપ આપવામાં શણગાર સજાવવા વિજય મકવાણાને તેમની બહેન પાયલ મકવાણા મદદરૂપ થાય છે અને આ રીતે આ ભાઈ-બહેનની જોડી શહેરમાં પર્યાવરણપ્રેમી ગણેશભક્તો માટે ઈકો ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિ મેળવવા આશિર્વાદરૂપ નિવડી રહી છે.

### કેવી રીતે બને છે ઈકો ફ્રેન્ડલી ગણેશ

ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ બનાવવા માટે વિજય મકવાણા છેક સુરતથી કાળી ચિકણી માટી ખરીદી લાવ્યાં છે તેમજ માટી સાથે સુકુ ઘાસ, સુતળી, રેસાં, પૂંઠું, લાકડું, પેપર નેપકિન જેવી ચીજવસ્તીઓનો ઉપયોગ કરે છે તેમજ રંગરોગાન માટે વૉટર કલર વાપરે છે. આ મૂર્તિને પાણીમાં વિસર્જિત કરતાં થોડાક સમયમાં જ ઓગળી જાય છે તેમજ તેના રંગો પણ કેમિકલ વિહીન હોવાથી જળચરજીવોને નુકશાન કરતા નથી.

## @ગાંધીનગર

● ગાંધીનગર જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટી દ્વારા ફૂડ એન્ડ ડ્રગ્સ સંદર્ભે ગ્રાહકોમાં જાગૃતિ વધે અને સુરક્ષા વિષય પર ચર્ચાના હેતુસર સેમિનાર સત્કાર રેસ્ટોરન્ટ કુડાસણ ખાતે બપોરે ૨.૩૦ કલાકે યોજાશે.

## ચિરવિદાય

- સ્વ. હિરાબેન કેશવલાલ પરમાર, ઉ.વ. ૯૮
- સ્વ. ઠાકોર બળદેવજી રણછોડજી, ઉ.વ. ૬૫
- સ્વ. બારોટ શાંતાબેન અમૃતલાલ, ઉ.વ. ૮૫
- સ્વ. શિલ્પાબેન અનિલભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૬૫
- સ્વ. બિજલભાઈ ભવાનભાઈ બારૈયા, ઉ.વ. ૯૫